# પ્રાંતિજના મજરામાં કપીરાજનો આંતક

## ચારથી વધુને બચકાં ભરતાં હિંમતનગર-ગાંધીનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામે એક કપીરાજે આંતક મચાવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મળતી માહિતી મુજબ મજરા ખાતે છેલ્લા એક અઠવાડિયાથી ગામમાં કપીરાજનો આંતક વધવા માંડ્યો છે. ને કેટલાય લોકોને ઉભી પૂછડીએ કપીરાજ દોડાવે છે. જ્યારે સરપંચ નિતાબેન પટેલ દ્વારા વનવિભાગને પણ જાણ કરી છે ત્યારે એક અઠવાડિયામાં ગામમાં વિવિધ ફડીઆમાં જઈને લોકોને અલગ અલગ જગ્યાએ બચકાં ભર્યા છે. જેમાં પાયલ વીરસીંગ મરપટ ઉં.વ. ૧૩, પ્રશાંત અમૃતભાઈ પટેલ ઉં.વ.૩૦, દિપાબેન પરેશકુમાર ત્રિવેદી ઉં.વ. ૨૫, જીવીબેન બબાભાઈ પટેલ ઉં.વ.૭૫ એમ ચાર જણ કપીરાજના આંતકથી ઘાયલ થતાં ગાંધીનગર-હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. અને વન વિભાગ ઝડપથી કાર્યવાહી હાથ ધરે તે માટેની માંગ ઉઠવા પામી છે.

# અરવલ્લીના ટોપર્સની યાદીમાં ખેડૂત પૂત્ર મોખરે

## ૯૯.૭૫ પર્સનટાઈલ રેન્ક સાથે અરવલ્લી જીલ્લામાં પ્રથમ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

### રાજ પટેલની ડોકટર બની સમાજ સેવા કરવાની ઈરછા

સમગ્ર અરવલ્લી જીલ્લામાં ૯૯.૭૫ ટકા પર્સનટાઈલ રેન્ક સાથે પ્રથમ આવીને ખેડુત પિતાનું નામ રોશન કરનાર રાજ પટેલની ઈરછા આગળ એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરીને ડૉકટર બનીને સમાજ સેવા કરવાની ઈરછા વ્યકત કરી હતી.

મોડાસા, તા.૨૮

સમગ્ર ગુજરાત રાજય માં આજે ધો- ૧૨ સાયન્સ પ્રવાહ નુ પરિણામ જાહેર થતાં ની સાથે જ કહી...ખુશી......કહી.....ગમ જેવો માહોલ સર્વાયો હતો જેમાં અરવલ્લી જીલ્લા માં આજે સાયન્સ પ્રવાહ નુ પરીણામ જાહેર થતાં ની સાથે જ આ સાયન્સ પ્રવાહ માં અરવલ્લી જીલ્ ા માં એક ખેડુત પુત્ર એ બાજુ મારી હતી.

ધો ૧૨ સાયન્સ પ્રવાહ માં આજે સમગ્ર અરવલ્લી જીલ્લા માં મોડાસા ની બ્રાઈટ હાઈસ્કુલ માં ભણતા ખેડુત પુત્ર એ બાજી મારી હતી મોડાસા ની બ્રાઈટ હાઈસ્કુલ માં ભણતા ગણેશપુરા કંપા ના ખુેત પુત્ર રાજ હરીશભાઈ પટેલે પોતાના અથાગ પ્રયત્નો થી મહેનત કરી પોતાના ખેડુત પિતા નુ નામ રોશન કર્યુ હતુ.

મોડાસા ના ગણેશપુરા કંપા ખાતે રહેતા હરીશભાઈ પટેલ કે જેઓ ખેડુત છે પોતે ખેડુત હોવા છતાં પોતાના પુત્ર ને કઈક બનાવાની મનમાં ઈરછા લઈ પેટ ઉપર પાટા બાંધી ને પોતે તકલીફ વેઠીને પોતાના પુત્ર ને સારૂ શિક્ષણ મળે અને ભણીને આગળ વધે તે માટે પોતાના પુત્ર રાજ ને મોડાસા ની બ્રાઈટ સાયન્સ હાઈસ્કુલ માં ભણવા મુકયો હતો ત્યારે પુત્ર એ પણ પોતાના પિતા ના સપના સાકાક કરવા માટે રાત દિવસ મહેનત કરી ને પોતાના પિતા નુ નામ રોશન કરવાની એક આશ મનમાં લઈ ને ખુબ મહેનત કરી હતી અને ધો ૧૨ સાયન્સ પ્રવાહ ના ચોથા સેમેસ્ટર ની પરીક્ષા આપી હતી જેનુ આજે પરિણામ જાહેર થતાં ની સાથે જ અરવલ્લી જીલ્લા માં ૯૯.૭૫ ટકા રેન્ક સાથે રાજ હરીશ ભાઈ પટેલે બાજી મારતા ની સાથે જ રાજ ના પિતા ની આંખ માં હર્ષ ના આસુ ઉભરાઈ આવ્યા હતા.

જયારે અરવલ્લી જીલ્લા માં પ્રથમ આવનાર ખેડુત પુત્ર એ આગળ અભ્યાસ કરી ને ડોકટર બનાવાની ઈરછા વ્યકત કરી હતી.

# અરવલ્લીમાં ખેતીના પાકમાં નુકસાનીનું યોગ્ય વળતર નહીં અપાતા ખેડૂતોમાં રોષ

## ખેડૂત સહાયની માહિતી નહીં આપતા ત્રણ કોંગ્રેસી સદસ્યોના 3 જૂનથી ધરણા : જિલ્લા વિકાસ અધિકારીને આવેદન આપી જાણ કરાઈ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫માં ખેતીપાકમાં થયેલા નુકસાન અંગે ખેડૂતોને કેટલી સહાય ચુકવાઈ તે અંગેની માહિતી ખુદ જિલ્લા પંચાયતના સદસ્યોને જ આપવામાં નહીં આવતા વિપક્ષના ત્રણ સદસ્યો દ્વારા આગામી ૩જી જૂને કચેરીએ ધરણાં યોજવાની ચીમકી ઉચ્ચારી છે. જે અંગે મંગળવારે જિલ્લા વિકાસ અધિકારીને લેખિત આવેદન પત્ર આપી જાણ કરાઈ છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગત વર્ષે પાછોતરા વરસાદથી ખેતપાકોને વ્યાપક નુકસાન થતાં ઉગ્ર રજૂઆતો બાદ રાજ્ય સરકારે નામ પુરતી સહાય જાહેર કરી હતી. આ વર્ષે પણ માવઠાથી ખેતપાકોને ભારે નુકસાન થયું છે. પરંતુ ગત વર્ષના નુકસાનની સહાય હજી સુધી ખેડૂતોના હાથમાં પહોંચી નથી. આ મામલે જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા અરૂણભાઈ પટેલ સહિત ત્રણ કોંગ્રેસી સદસ્યોએ અરવલ્લી જિલ્લાના કેટલા ખેડૂતોને કેટલી સહાય ચુકવાઈ તેની આંકડાકીય માહિતી નામ સાથે આપવા ડીડીઓ પાસે લેખિત માગણી કરી હતી. પરંતુ નિર્ધારિત સમય સુધીમાં આ માહિતી પુરી પાડવામાં આવી નથી.

આથી વિરોધ પક્ષના નેતા અરૂણભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય જશુભાઈ પટેલ અને બળવંતસિંહ રાઠોડે મંગળવારે જિલ્લા વિકાસ અધિકારી સુધીર પટેલને આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં જણાવ્યા મુજબ, જિલ્લા પંચાયત દ્વારા ખેડૂતોને ચુકવાયેલી સહાય અંગેની માહિતી પુરી નહીં પડાતાં તેમજ માલપુરના સર્વે નં. ૧૨૦માં બાંધકામ મામલે ડીડીઓ સહિત કર્મચારીઓ ઢાંકપીછોડો કરતા હોઈ આગામી ૩ જૂનના રોજ જિલ્લા પંચાયત કચેરી કેમ્પસમાં ધરણાંનો કાર્યક્રમ યોજવાની ફરજ પડશે.

# અચ્છએ દિનની પુણ્યતિથી નિમિત્તે અરવલ્લી જિલ્લા કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

## કોંગ્રેસ કાર્યકરોએ રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૨૮

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપા સરકારને સત્તામાં આવ્યાને એક વર્ષ પૂર્ણ થઈ ગયું છે. ત્યારે ભાજપ પક્ષે અને ભાજપાના આગેવાનોએ આપેલા વચનો અને અચ્છે દિન કે સપનેની પુણ્યતિથી નિમિત્તે કેન્દ્ર સરકારની નિષ્ફળતાના વિરોધમાં આજે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો અને જિલ્લા યુથ કોંગ્રેસના સદસ્યોએ મોડાસા શહેરમાં રેલી કાઢીને અરવલ્લી જિલ્લા સેવાસદન ખાતે કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ મોડાસા દ્વારા આજે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સર્કીટહાઉસથી મોટી સંખ્યામાં ઉપસ્થિત કોંગ્રેસ સમિતિના આગેવાનો અને જિલ્લા યુથ કોંગ્રેસના સદસ્યોએ શહેરના ચાર રસ્તા બસ સ્ટેન્ડથી જિલ્લા સેવાસદન સુધી રેલી કાઢી અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેકટર કચેરીમાં સૂત્રોચ્ચાર કરી કલેકટરનો આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ઈર્શાદબેગ મીરજા (એ.આઈ.સી.સી., સેક્રેટરી)ના જણાવ્યા અનુસાર ગરીબી, બેકારી અને કાળઝાળ મોંઘવારીના ખપ્પરમાં હોમાતા જતા દેશના નાગરીકને સરકાર દ્વારા ન્યાય મળે સરળ જીવન જીવી શકે તેમજ જિલ્લામાં કથળતી જતી કાયદો-વ્યવસ્થા, જમીન-અધિગ્રહણ, ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા, બેરોજગારી, કાળાબજાર, કાળુ નાણુ પાછા લાવવાના વાયદાઓ ઠાલા નિવડતા લોકો અને જિલ્લાના પ્રજાજનોને ઠગવામાં આવ્યા હોવાનું અહેસાસ કરતાં લોકશાહી દેશમાં લોકોને પડતી મુશ્કેલીઓ, રાજ્યમાં ખેડૂતોની આત્મહત્યા, યુરીના ભાવવધારો વાચા આપવા આજે જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.


(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં ચૂંટણીઓ બાદ સૌપ્રથમ વાર કોંગ્રેસ સમિતિ દ્વારા ભવ્ય રેલી કાઢી આમ આદમીની નડતી મુશ્કેલીઓને વાચા આપવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં ઈર્શાદબેગ મીરજા (એ.આઈ.સી.સી. સેક્રેટરી), રાજેન્દ્રસિંહ ઠાકોર (ધારાસભ્ય), અરૂણભાઈ પટેલ (વિરોધ પક્ષ, અરવલ્લી જિલ્લા પંચાયત), હુસેન નારણભાઈ પટેલ (અંતીસરા), જીગર મહેતા, તેમજ અરવલ્લી જિલ્લા ડીમ્પલ ગુર્જર (અરવલ્લી કોંગ્રેસ પ્રભારી), જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ ખાંટ, મહામંત્રી સૈયદ કાદરઅલી, હુસેન ખાનજી, રેવાભાઈ ભાંભી, ખાલક (કોર્પોરેટર), રફીક શેખ, આફતબ કરાની, અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, દિનેશ પ્રણામી, આનંદ પરમાર, કોંગ્રેસ મહિલા મોરચો તેમજ કોંગ્રેસના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## રોજગાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક જિલ્લા માહિતી કચેરી પાલનપુર ખાતે મળશે

કારકિર્દી ઘડતર અને ધોરણ-૧૦ તથા ૧૨ પછી કઈ દિશામાં કેરિયર બનાવવું તેની સુંદર માહિતી અને માર્ગદર્શન આપતો ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક ૨૦૧૫ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ વિશેષાંકની કિંમત રૂ. ૨૦ છે. આ અંક મેળવવા જૂના ગંજની પાછળ, ઈદગાહ રોડ પર આવેલ જિલ્લા માહિતી કચેરી, પાલનપુરનો સંપર્ક કરવો.

# ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામમાં પાણીની વિકટ સમસ્યા

## પંદર દિવસે પણ પુરતુ પાણી ન મળતા રહીશોની ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા તાલુકામાં મોટાભાગના વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાવા પામી છે. રાધીવાડ ગામમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાતા ગામજનોને ભારે હાલાકી ભોગવવી પડે છે. કૂવાના પાણી ઊંડા જતાં અને હેન્ડ પંપ બંધ હાલતમાં હોવાથી પીવાનું પાણી મેળવવા ગામની મહિલાઓને ૨ થી ૩ કિ.મી. સુધી ચાલીને જવુ પડે છે ત્યારે રાધીવાડ ગામને પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં આવે તે માટે મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં રજુઆત કરી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામના રહીશોના જણાવ્યા અનુસાર રાધીવાડ ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાવા પામી છે. પાણીની સમસ્યા અંગે મૌખિક તથા લેખિત રજુઆતો કરવા છતાં પાણી સમસ્યા ઘટવાને બદલે વધવા પામી છે. ગામમાં પીવાનું પાણી પંદર દિવસે પુરૂ પાડવામાં આવે છે તે પણ એક દિવસે ચાલે તેટલુ જ પાણી આપવામાં આવે છે. જે ગામની મહિલાઓને ૨ થી ૩ કિ.મી. દૂર ખેતરોમાં આવેલા કુવામાંથી પાણી લાવવું પડે છે. આથી ગ્રામજનો ભારે પરેશાની વેઠી રહ્યા છે.

# પ્રાંતિજના બબલદાસ ઘોડાગાડીવાળાનું ૯૫ વર્ષની જૈફ વયે નિધન

પ્રાંતિજ, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાનું પ્રાંતિજ એ પહેલા પ્રાપ્તિ પુરીથી ઓળખાતું નગર આજે પ્રાંતિજ નગર તરીકે ઓળખાય છે. પ્રાંતિજના ઈતિહાસમાં માર્કંડેશ્વર મહાદેવ મંદિર, બોખ, વાવ આઈપીમીશન, મસ્જિદ, ભાંખરીયુ તળાવ, રેલવે અને એ વખતે રેલવે જોડે એ સમયે ઝડપથી તથા આજુબાજુમાં જવા માટે માત્ર પ્રાંતિજમાં ઘોડાગાડીઓ જ હતી. જેમાં બબલદાસ ઘોડાગાડી વાળાનું ૯૫ વર્ષની જૈફ વયે અવસાન થતાં ઈતિહાસનું એક પીંછું ખરી પડયું છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ રેલવે સ્ટેશનથી બજારચોક વિસ્તારમાં જવા માટે પહેલાંના જમાનામાં ઘોડાગાડીઓ વાળાનો વટ હતો. તે સમયે ત્રણ થી ચાર ઘોડાગાડી માત્ર આખા પ્રાંતિજને તથા આજુબાજુના વિસ્તારના લોકોને અવર જવર માટેનું એક માત્ર સ્થાઈ સાધન કરીકે હતી અને નજીવી કિંમતે ઝડપથી આવન જાવન પણ થતું ત્યારે તે સમયે પ્રચલિત થયેલા ઘોડાગાડી વાળા બબલદાસ એટલે અત્યારના બાળકને પુછવામાં આવે તો પણ તેમના ઘરનું સરનામું ઝટ લઈને બતાવી દે તેવા છ ફુટની ઊંચાઈ ધરાવતા અને શરીરે સ્વસ્થ અને દેખાવે લાલબુંદી જેવા લાગતા બાહોશ, ઈમાનદાર અને નિષ્ઠાથી ઘોડાગાડી હંકારી પોતાના પરિવારનું ભરણપોષણ કરતાં રાવલ બબલદાસ નાનાલાલ ઘોડાગાડીવાળાનું ૯૫ વર્ષે અવસાન થતાં પ્રાંતિજ ઈતિહાસમાં એક પીંછાનો અસ્ત થયો છે. સદગતની સ્મશાન યાત્રામાં પ્રાંતિજ રાવલ સમાજ, તેમના સગાવહાલા તથા અન્ય સમાજ તથા ગામના અગ્રણીઓ, વેપારીઓ ઈતિહાસ પ્રેમીઓ વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા અને સદગતનું બેસણું તા. ૨-૬-૨૦૧૫ મંગળવારના રોજ સવારે ૭ થી ૧ તેમના નિવાસસ્થાને રાખેલ છે.

# મોઢેરા પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. ડી. જે. ચુડાસમા સસ્પેન્ડ

## સપ્તાહ અગાઉ ગાંધીનગર આર.આર. સેલે રૂ.૨૦ લાખનો દારૂ જપ્ત કર્યો હતો : પી.એસ.આઈ.એ ફરજ પર બેદરકારી દાખવી હતી

મહેસાણા, તા.૨૮

ગત એપ્રિલ મહિનામાં મહેસાણા જિલ્લાના ઊંઝા પોલીસ સ્ટેશનના પો.ઈ. પુવાર, પો.સ.ઈ. ઠાકોર અને બે આસીસ્ટંટ સબ ઈન્સ્પેકટરો મળી કુલ ચાર અધિકારીઓને દારૂ જુગારના કેસોમાં બેદરકારી દાખવા બદલ ગાંધીનગર રેન્જના આઈ.જી.પી.ના આદેશ મુજબ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. બાદ તાજેતરમાં બેચરાજી તાલુકાના મોઢેરા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં ગાંધીનગર આર.આર. સેલે દરોડો પાડી રૂપિયા વીસ લાખની કિંમતની મત્તાનો દારૂનો મોટો જથ્થો કબ્જે કર્યો હતો. જેમાં સ્થાનિક પોલીસની ફરજમાં બેદરકારીને લઈને જિલ્લા પોલિસ વડાએ મોઢેરા પોલિસ સ્ટેશનના પોલિસ સબ ઈન્સ્પેકટર ડી.જે. ચુડાસમાને સસ્પેન્ડ કરી દેતાં મહેસાણા જિલ્લાના પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦